*For Private Circulation Only*

# B.P.A. Bulletin

Devoted to Comprehensive Development Of Persons with Disabilities

YEAR 2022-23 ▲ VOLUME : II ▲ OCT - DEC-2023 (This Bulletin is available on website : www.bpaindia.org)

BULLETIN

BLIND PEOPLE'S ASSOCIATION (INDIA)



## ઈ.વી ટ્રાઈસિકલ દાન



દિવ્યાંગજનોને ટ્રાઈસિકલ આપવા માટે મુંબઈથી દાતાશ્રી પિયુષભાઈ થકી ૧૧ ટ્રાઈસિકલ હેન્ડિકા ઈલેક્ટ્રીક (વ્હીકલ) ટ્રાઈસિકલ અને ૩ નિયો મોશન ટ્રાઈસિકલ જરૂરિયાતમંદ દિવ્યાંગજનોને તારીખઃ ૨૯ સપ્ટેમ્બર-૨૦૨૩નાં રોજ આપવામાં આવી હતી. આ દયાળુ દાતાશ્રીએ એક સાથે નિઃસહાય દિવ્યાંગજનોને ટ્રાઈસિકલ આપી હતી.

આ વિતરણ સમયે દાતાશ્રીના ભાઈ શ્રી ઉપેન્દ્ર શાહ તેમજ ફેમીલી મેમ્બર્સ અને મિત્રજનો સહ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ સમારોહમાં તેઓશ્રી મુંબઈથી આવીને દિવ્યાંગજનોને ખાસ આશીર્વચન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં શ્રી ઉપેન્દ્રભાઈની ઉપસ્થિતિથી તેમજ તેઓની પ્રેરણા થી દિવ્યાંગજનોને આશીર્વાદ બની રહેશે.

## દ્રષ્ટિક્ષતિ ફુટબોલર

ભારતીય રમતવીરોમાં પણ દ્રષ્ટિક્ષતિ મહિલા જ્યારે અનેક ફુટબોલર રમતના પડકારોનો સામનો કરીને સ્પોર્ટ્સમાં વિજેતા બનવા માટે સતત એકાગ્રચિત્તે રમીને તેમનું તેમજ દેશનું નામ રોશન કરે છે.
અહી આઈબીએસએ ની વર્લ્ડ ગેમ્સ ઓગસ્ટ-૨૦૨૩માં બીપીએની વિદ્યાર્થીની નિરમા અને આશાએ ભાગ લીધો હતો. આ દ્રષ્ટિક્ષતિ ફુટબોલર ટીમને વધુને વધુ બીપીએ દ્વારા હર હંમેશ પ્રોત્સાહીત કરવામાં આવી રહી છે. દિવ્યાંગજનો પણ ખૂબજ સરસ પરફોર્મન્સ કરી રમત-ગમત ક્ષેત્રમાં આગવી સિધ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે.







## એથેફીલ્ક્સ દ્વારા ટી-શર્ટ દાન

એથેફીલ્ક્સનાં ઉજવણી દિવસે બીપીએનાં વિદ્યાર્થીઓને ટી-શર્ટનું દાન કરવામાં આવ્યું હતું. એથેફીલ્ક્સના સ્થાપક અને સીઈઓ શ્રી એન્દ્રીવ લીઓની ટીમે દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓને આ સમયે પ્રોત્સાહિત કરીને બિરદાવ્યા હતા.

## સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી

૭૭માં સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી બીપીએ, વસ્ત્રાપુરમાં તેમજ અલગ-અલગ બીપીએ સેન્ટરો, બારેજા, ભૂજ, વાત્રક, તેમજ બાવળા કેમ્પસમાં ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે અંધજન મંડળ, વસ્ત્રાપુર ખાતે ધ્વજવંદન કાર્યક્રમમાં એકલ ફાઉન્ડેશનનાં સીઈઓ શ્રી રમેશભાઈ શાહનાં વરદ્ હસ્તે ધ્વજવંદન કરીને વોઈસ ઓફ એસ.એ.પી દ્વારા જરૂરીયાતમંદ દિવ્યાંગજનોને સાધન સહાય આપવામાં આવી હતી.





## જરૂરિયાતમંદ સહાય

વયો વૃદ્ધ તેમજ નિઃસહાય મહિલાઓને યુ.કેના દાતાશ્રી ગીતાબેન દિપકભાઈ ગાંધી પરિવાર તરફથી દિવ્યાંગજનોના ક્ષેત્રમાં કાર્યરત બીપીએમાં મીઠાઈનું વિતરણ તારીખ : ૧૬ ઓગસ્ટ, ૨૦૨૩ નાં રોજ કરવામાં આવ્યું હતું.

## સ્ટ્રાઈડ સહયોગ

સોરઠની ધરા પર પોરબંદર નજીક ગ્રામ્ય ક્ષેત્ર બપોદર ખાતે સ્ટ્રાઈડ કંપનીના સહયોગથી સ્કુલ બિલ્ડીંગનું નવીનીકરણ માટે પર્યાવરણ સહ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આસપાસના દસ ગામ તેમજ મેરિટિયસ સ્કુલના બાળકો ઉપસ્થિત રહ્યાં હતા. તેમજ આ સમયે કંપની સી.એસ.આરના પદાધિકારીશ્રીનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ તારીખ-૧૯ ઓગસ્ટ ૨૦૨૩ નાં રોજ આયોજીત કરવામાં આવ્યો હતો.



## જેલ પ્રોજેક્ટ




દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓને શ્રવણ માધ્યમથી શીખવા માટે ઓડીયો પુસ્તક જરૂરી હોય છે ત્યારે તારીખ : ૨૭ ઓગસ્ટ - ૨૦૨૩ ના રોજ આ પ્રદર્શન કેદીઓ દ્વારા ઉત્પાદિત ઓડિયો બુક દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓને મદદરૂપતા માટે કેદીઓએ કાર્ય કર્યુ હતું. આ વિશે અંધજન મંડળના ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ભરત જોષી, ટેકનોલોજી હેડશ્રી આર.પી.સોની, કે.સી.આર.સી ભૂજના મેનેજરશ્રી અરવિંદભાઈ અને શ્રી ભદ્રેશભાઈ ઉપસ્થિત રહીને પ્રોજેક્ટ અંતર્ગત જાણકારી આપી હતી.



## રાખડી હરિફાઈ


લાયન્સ ક્લબ ઓફ વસ્ત્રાપુર (મોસ્ટલી ઓફ ધી બ્લાઈન્ડ) ના સહયોગથી તેમજ બ્લાઈન્ડ વુમન એસોસીએશનનાં આયોજનથી દ્રષ્ટિક્ષતિ મહિલાઓ દ્વારા તૈયાર કરવામાં આવી હતી. આ હરિફાઈ તારીખ ૨૭, ઓગસ્ટ-૨૦૨૩નાં રોજ બીપીએ પ્રાંગણમાં કરવામાં આવી હતી.

## સંમિલિત ચેસ ટુર્નામેન્ટ

હૈદરાબાદ ખાતે સામાન્ય ૫૭૦ ચેસ રમતવીરો સાથે દ્રષ્ટિક્ષતિ સ્પર્ધકો રહ્યાં હતા. અહીં તા ૨૯ ઓગસ્ટ, ૨૦૨૩ નાં રોજ કે.વી.બી.આર સ્ટેડીયમ, હૈદરાબાદ ખાતે યોજાઈ હતી. જ્યારે હૈદરાબાદ ખાતે તારીખ : ૨૫ ઓગસ્ટ પ્રથમ આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ થઈ હતી. આ હરીફાઈમાં બીપીએનાં ચાર ચેસ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. તેમાં આ પ્રથમ ચેસ ટુર્નામેન્ટમાં અંકિત પઢણી દ્વિતીય તેમજ હિમાંશી રાઠી તૃતીય ઈનામ સ્પે. કેટેગરીમાં મેળવીને વિજેતા રહ્યાં હતા.



## સ્વાભિમાન ગૃપ દ્વારા સાધન-સહાય વિતરણ




સ્વાભિમાન ગૃપનાં આયોજનથી મેગા ઈવેન્ટ કાર્યક્રમમાં દિવ્યાંગજનોને સાધન સહાયમાં ૮૪ વ્યક્તિઓને સ્વરોજગાર, ૬૦ વ્યક્તિઓને સાધન સહાય કીટ તેમજ મેડીસીન, યુવા ૨૩ દિવ્યાંગજનોને સ્કોલરશીપ, મુસાફરી આર્થિક સહયોગમાં મળીને કુલ ૨૫૦ જરૂરિયાતમંદ દિવ્યાંગજનોને મદદરૂપ રહ્યાં હતાં. સ્વાભિમાન ગૃપના શ્રી કિન્તુભાઈ શાહ સહયોગી તરીકે કાર્યક્રમમાં રહ્યાં હતાં.

## મારૂતિવાન સહયોગ

દાતાશ્રી રાજેન્દ્રભાઈ દ્વારા વ્હીકલ મારૂતિવાન બીપીએ ખાતે દિવ્યાંગજનોના કાર્યમાં સુલભતા રહે તે માટે તા.૭, સપ્ટેમ્બર-૨૦૨૩નાં રોજ બીપીએમાં દાન કરી હતી.





## સ્પે. રસોત્સવ-૨૦૨૩

દિવ્યાંગજનોની આંતરિક શક્તિઓને ખીલવવાના સતત પ્રયાસ બીપીએ દ્વારા અવિરત રહ્યો છે. દર વર્ષે સાંસ્કૃતિક કાર્યક્રમ આ દિવ્યાંગજનોની આંતરિક શક્તિઓને પ્રોત્સાહિત કરવા માટેનો કાર્યક્રમ "ઓલ ઈન્ડિયા ફ્લેગ ડે ફોર ધી બ્લાઈન્ડ" ના ઉજવણી સ્વરૂપે તા. ૧૪ સપ્ટેમ્બર-૨૦૨૩નાં રોજ પંડિત દિન દયાલ ઉપાધ્યાય હોલ, સિંધુભવન રોડ, અમદાવાદ ખાતે બપોરે ૨.૦૦ કલાકથી આયોજીત કરવામાં આવ્યો હતો.

આ રસોત્સવમાં બીપીએ સંચાલિત ગુજરાતના તમામ વિવિધ સેન્ટરો અને રાજસ્થાન સેન્ટરના દિવ્યાંગજનો મળી કુલ ૩૦૫ દિવ્યાંગજનોએ રસોત્સવમાં ભાગ લીધો હતો.તેમાં એકપાત્રીય અભિનય, મીમીક્રી, ડાન્સ વગેરે કરીને ઓડીયન્સને અભિભૂત કર્યા હતા. આ કાર્યક્રમમાં સહયોગી શાહ ઈન્વેસ્ટમેન્ટ હોમ રહ્યાં હતા. જ્યારે આ કાર્યક્રમમાં ઉપસ્થિત આઈ.એ.એસ પદાધિકારીશ્રી ડૉ. મનિષકુમાર બંસલે તેઓનાં પ્રાસંગિક ઉદ્‌બોધનમાં દિવ્યાંગજનો તેમજ તેમનાં માતા-પિતાને પોઝિટીવ પ્રેરણારૂપ ઉદાહરણ સહિત સમજ આપી દિવ્યાંગજનોને નૂતન ઉર્જા સહ ઉત્સાહિત કર્યા હતા.




## બુટ કેમ્પ

પર્કિન્સ ઈન્ડિયા દ્વારા આયોજીત બુટ કેમ્પ તારીખ ૨૬,૨૭ સપ્ટેમ્બર-૨૦૨૩ મુંબઈ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં દિવ્યાંગ બાળકોના સંમ્મિલિત શિક્ષણ અંતર્ગત બહુવિધ વિકલાંગ બાળકો અને બધિરાંધ બાળકો માટે આયોજીત કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં બીપીએનાં પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી વિમલ થવાણી, શ્રી કૃપા વેલાણી, શ્રી જીજ્ઞા જોશી, શ્રી કાવિના ખત્રી તેમજ શ્રી મિહીર જાની ઉપસ્થિત રહ્યાં હતા.

## અમેઠી યુનિવર્સિટી - શૈક્ષણિક પ્રવાસ

દિવ્યાંગજનોના હિતાર્થે સતત કાર્યરત રહેતાં બીપીએ સંસ્થાની મુલાકાતે અમેઠી યુનિવર્સિટી, નોઈડા કેમ્પસનાં સ્પે. બી.એડનાં ૩૩ વિદ્યાર્થીઓ સાથે બે ફેકલ્ટી પ્રોફેસરે તા. ૨૮ સપ્ટેમ્બર,૨૦૨૩ નાં રોજ શૈક્ષણિક પ્રવાસમાં આવી એક અઠવાડિયાની તાલીમમાં દિવ્યાંગજનોના રોજગાર, અભ્યાસક્રમ, જરૂરિયાત અંતર્ગત કોર્સની તાલીમ પ્રાપ્ત કરી હતી.



## સારવાર મંડળ - ચેક સમર્પણ



સ્માર્ટ ઓએનએસનાં સહયોગી શ્રીમતી ઉષાબેન એ બજાજ અને શ્રીમતી સીમાબેન જે. પટેલ  અમદાવાદ સારવાર મંડળ, અમદાવાદ ગુજરાત દ્વારા ચેક તારીખ : ૨૬ સપ્ટેમ્બરનાં રોજ આપીને દિવ્યાંગજનો માટે સહયોગી રહ્યા હતાં.



## સેવા ફાઉન્ડેશન કોર્સ તાલીમ-મીટીંગ

સેવા ફાઉન્ડેશનનાં ઉપક્રમે યુ.એસ.એ અને પી.બી.એમ.એ એચ.વી.દેસાઈ આઈ હોસ્પિટલના સહયોગથી બીપીએમાં તારીખ : ૨૫ અને ૨૬ સપ્ટેમ્બર-૨૦૨૩ નાં રોજ તાલીમ ગોઠવવામાં આવી હતી.

આ તાલીમમાં આંખની હોસ્પિટલનાં ૨૪ તાલીમાર્થીએ ભાગ લીધો હતો. તેમાં આંખની કાળજીમાં વિશેષ સમજ અંગે ખ્યાલ આપવામાં આવ્યો હતો. આ તાલીમમાં પ્રથમ દિવસે બીપીએ તેમજ તારીખ ૨૬ પોરેચા આઈ હોસ્પિટલમાં ડૉ. ડોલી પુનાથી અને ડૉ.ઉદય ગજીવાલા માર્ગદર્શક તાલીમાર્થીઓ સાથે રહ્યા હતા. જ્યારે તાલીમમાં શ્રી કુલદિપ તેમજ સિકત સેવા ફાઉન્ડેશનમાંથી  વિશેષજ્ઞ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

## બોલેરો દાન

સાબરકાંઠા-અરવલ્લીનાં દૂરદૂરના અંતરિયાળ ગ્રામ્યક્ષેત્રમાં મેડીકલ કેમ્પ તેમજ દર્દીઓને હોસ્પિટલ સુધી લઈ જવા આવનજાવન માટે  શ્રી બેલાબેન અને યોગેશભાઈ આઈ હોસ્પિટલને વાત્રક ખાતે આપવામાં આવી હતી. આ દાન માટે પ્રશાંતભાઈ અને શ્રી શાંતિલાલ તેમજ તેઓનાં સુપુત્ર શ્રી અતિતભાઈએ સહયોગ કર્યો હતો.



## સંગીત સાધન દાન

દ્રષ્ટિહીનો ગરબા પ્રોગ્રામમાં તેમજ અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં ડ્રમ સંગીત સાધન સૂર રેલાવી શકે તે માટે રોટોડ્રમ બીપીએના વોલન્ટીયર શ્રીમતિ ટીના એન પરીખ અને તેઓની ટીમે દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓને ગીફ્ટનાં સ્વરૂપમાં સંગીત સાધન આપ્યા હતા. આમ વિદ્યાર્થીઓ આ સાધનથી પ્લે મ્યુઝિક કરી શકશે તેમજ તેઓની સંગીત કલા અભિવ્યક્તિ કરવામાં સરળતા બની રહેશે.

## બધિરાંધ પ્રોજેક્ટ-ગોવા

સેન્સ ઈન્ડિયા ટ્રસ્ટની બોર્ડ મીટીંગ સાથે બધિરાંધ પ્રોજેક્ટની મુલાકાત બીપીએના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર તેમજ સેન્સ ઈન્ડિયા બોર્ડ મેમ્બર્સ શ્રી નંદીનીબેન રાવલે ગોવા ખાતે લીધી હતી તેમા 'સેન્સ ઈન્ડિયાના ડાયરેક્ટરશ્રી અખિલ પોલ તેમજ તેઓની ટીમ સાથે તારીખ-૧ ઓક્ટોબર-૨૦૨૩ નાં રોજ મુલાકાત લઈ બધિરાંધ દિવ્યાંગજનોના અંતર્ગત ખ્યાલ આપ્યો હતો.





## બીપીએ મુલાકાત

મજહાઘર ફાઉન્ડેશનના શ્રી રાજીવ અગ્રવાલ અને પુનાના પ્રોફેસર શ્રી રાજેશ અગ્રવાલ ફેકલ્ટી ઉદેપુર થી આવ્યા હતા તેઓ આઈ.આઈ.એમ એ બીપીએની મુલાકાત તારીખ : ૨, ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ લઈને બીપીએના અભિગમ, રિસોર્સ સેન્ટર મોબીલાઈઝેશન વગેરેની મુલાકાત લઈને પ્રભાવિત થયા હતા અને એન.જી.ઓની આ પ્રવૃતિઓને બિરદાવી હતી.

## દાન ઉત્સવ

દિવ્યાંગ ભૂલકાઓ સાથે તા. ૨ થી ૮ ઓક્ટોબર દરમ્યાન દાન ઉજવણી કાર્યક્રમ અનુસંધાને મહાત્મા ગાંધી ઈન્સ્ટિટ્યુટના પદાધિકારીશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓ દ્વારા "યથા શક્તિ" દાન આપીને દાન ઉત્સવ મનાવ્યો હતો. આ ઉત્સવ બીપીએનાં નાઝ `સેન્ટર ખાતે તા. ૫ ઓક્ટોબર ૨૦૨૩નાં રોજ ઉજવીને સ્કુલ બાળકોને રમકડા તેમજ સ્ટેશનરી આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ઈન્સ્ટિટ્યુટ મેનેજમેન્ટના ડાયરેક્ટરશ્રી દિપક અમીન, સીઈઓ રાકેશકુમાર અને સીએફઓ સોની અને વિક્રમ સી.એચ.આર.ઓ ઉપસ્થિત રહ્યાં હતા.





## નિરમા યુનિવર્સીટી સ્થાપના દિન-ઉજવણી

દિવ્યાંગજનોએ અમદાવાદની પ્રતિષ્ઠિત નિરમા યુનિનાં ૨૯ માં ફાઉન્ડેશન દિવસે મેનેજમેન્ટ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજનમાં પર્ફોર્મન્સ આપ્યું હતું. આ પરફોર્મન્સમાં અહીં તેઓએ સંગીતના સુર સાથે વિવિધ ગીત ઉપર ડાન્સ કરીને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમ તારીખ ૦૪ , ઓક્ટોબર ૨૦૨૩ નાં રોજ યોજાયો હતો.

## જન્મદિવસ ઉજવણી



દિવ્યાંગ બાળકોનું જ્યાં શિક્ષણ, પુનર્વસન થતું હોય તે કેમ્પસમાં આવી અને જન્મદિવસની ઉજવણી કરવી અને દિવ્યાંગજનોને પ્રોત્સાહિત કરવાનો સર્વશ્રેષ્ઠ માર્ગ ગણી શકાય. અહીં કૈવલ્યના જન્મદિવસની ઉજવણી દિવ્યાંગ બાળકતો સાથે કરીને કૈવલ્યના કુટુંબીજનોએ આનંદ વ્યક્ત કર્યો હતો. આ સમયે શ્રીમતિ મૃણાલ દેવી ગોહિલ, શ્રી દિપ્યા ગોહિલ, શ્રી અશોકસિંઘ ગોહિલ, શ્રીમતિ શોભના દેવી ગોહિલ અને શ્રી હર્ષવર્ધન એસ રહોરે ઉપસ્થિત રહ્યાં હતા. આ સાથે દિવ્યાંગ બાળકોએ પણ કૈવલ્યને આશીર્વચન પ્રાર્થના દ્વારા આપ્યા હતા.



## નેક્સ્યુ મોલ કાર્યક્રમ

અમદાવાદના પ્રસિધ્ધ નેક્સ્યુ મોલ ખાતે "ફુડ સેફ્ટી જન જાગૃતિ કાર્યક્રમ" માં બીપીએના સ્પે. બાળકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ તા.૧૧ ઓક્ટોબર ૨૦૨૩ નાં રોજ યોજાયો હતો તેમાં બાળકોને ચિત્રકામ માટે કલર આપી ચિત્રકામ કરતાં પ્રોત્સાહિત સ્વરૂપે સર્ટીફિકેટ તેમજ મોલ દ્વારા જમણ આપવામાં આવ્યું હતું.



## બીઆઈએસ મુલાકાત

બીઆઈએસ કંપની ઓફિસરે તારીખ ૧૪ ઓક્ટોબર ૨૦૨૪ નાં રોજ બીપીએની મુલાકાતે આવ્યા હતા.



## ઈનેબલ માર્ટ

દિવ્યાંગજનોના ઉપયોગમાં આવતા તમામ સહાયક સાધનોનું (માર્ટ) ભારતદેશમાં પ્રથમ સ્ટોર તરીકે બીપીએ કેમ્પસમાં શ્રી હન્ની ભગચંદાણીએ વિક્સાવ્યા છે. આ માર્ટમાં અદ્યતન ટેકનોલોજી તેમજ વિશેષ સાધન ઉપયોગિતા દિવ્યાંગજનો માટેના સાધનો સ્ટોર્સમાંથી ખરીદી શકાય છે. આ માર્ટના ઉદ્‌ઘાટન પ્રસંગે કમિશ્નર ઓફ પોલીસ, અમદાવાદ શહેરના આઈ.પી.એસ શ્રી જ્ઞાનેદ્રસિંગ મલિક ઉપસ્થિત રહ્યાં હતા.

## દિવ્યાંગજનોના હિતેચ્છુની ખોટ વર્તાય



દિવ્યાંગજનોના કોઈપણ કાર્ય માટે હંમેશા ચિંતિત રહી દિવ્યાંગજનોને હરપળે મદદરૂપ રહેતા વાઘ-બકરી ચા કંપનીના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી પરાગ દેસાઈનું ખૂબજ નાની વયે તારીખ : ૨૨ ઓક્ટોબર, ૨૦૨૩ નાં રોજ નિધન થતા જરૂરિયાતમંદ દિવ્યાંગજનોને ખૂબજ મોટી ખોટ વર્તાય છે.

તેઓએ ગુજરાતમાં ચેરિટી અસંખ્ય જગ્યાઓ કરી છે. તેઓએ દ્રષ્ટિક્ષતિ વ્યક્તિઓ માટે "સેવ સાઈટ ફંડ" બીપીએ માટે પણ સ્થાપના કરી હતી. તેઓએ ૧૦૬ વ્યક્તિઓને સાયલામાં સહયોગ કર્યો હતો. બીપીએમાં પાવર સિસ્ટમ કરી આપી હતી અને મહેમદાવાદ ખાતે વિઝન સેન્ટરની સ્થાપના કરી હતી. તેઓએ યુવા દ્રષ્ટિહીનોને ૨૦૦ સ્માર્ટ ચશ્મા આપ્યા હતા. તેઓએ ગુજરાતમાં આવેલા "બીપરજોય" વાાવઝોડાની અસરમાં ભોગ બનેલ પરિવારોને બીપીએ દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટ થકી ખાદ્ય સામગ્રી કીટની વહેચણી કરી હતી. તેઓની કંપની દ્વારા દિવ્યાંગજનો માટે સી.એસ.આર દ્વારા અગ્રગણ્ય થઈ મદદરૂપ રહ્યા હતા.

આમ સ્વ.શ્રી પરાગ દેસાઈ ખૂબજ માયાળુ, મદદકર્તા અને દિવ્યાંગજનોને હરહંમેશ પ્રોત્સાહિત કરતાં હતા. તેઓના નિધનથી પરિવારને તેમજ બીપીએને એક મોટી ખોટ પડી છે. તેઓ હંમેશા દિવ્યાંગજનોના ના કાર્યમાં પ્રેરણારૂપ રહ્યાં હતા.

## બીપીએ-દશેરા પૂજન

મહા જગદંબાના પવિત્ર પાવન પર્વના નવ દિવસની આરાધના બાદ દશેરાના દિવસે ઉત્સવ તરીકે ભારતીય સંસ્કૃતિમાં આસુરી શક્તિ ઉપર વિજયપર્વ મનાવવામાં આવે છે તેમજ શક્તિપૂજા કરવામાં આવે છે. પરંપરા મુજબ બીપીએ દ્વારા પણ દર વર્ષે આ ઉત્સવને મનાવવામાં આવે છે. આ વર્ષે ૨૪, ઓક્ટોબર-૨૦૨૩ ના રોજ બીપીએ પ્રાંગણમાં શક્તિપૂજા કરી હતી તેમજ ફાફડા-જલેબી દિવ્યાંગજનો સાથે સહકર્મચારી ગણે ઉલ્લાસમય રીતે ઉજવ્યું હતું. આ સમયે સંસ્થાના ટ્રસ્ટીશ્રી ઉષાબેન તેમજ શ્રી સુનિતાબેન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.



## ચેસ વર્લ્ડ ચેમ્પિયનશીપ



ચેસ વર્લ્ડ ચેમ્પીયનશીપ એશિયા પેરા ગેમ્સ રમાય તેમાં નવો વર્લ્ડ રેકોર્ડ નોંધાયો હતો. ભારતમાં આ સ્પર્ધામાં ૧૧૧ મેડલ પ્રાપ્ત કર્યા હતા. તેમાં બીપીએનાં વિજેતા ક્રમેં ૨ ગોલ્ડ અને ત્રણ બ્રોન્ઝ મેડલ મેળવી વિજેતા રહ્યા હતા. અહીં પેરા ચેસમાં સ્પર્ધકશ્રી દર્પણ, અશ્વિની, હિમાંશી અને ભાવિના ગુજરાતમાંથી વિજેતા રહ્યા હતાં.



## અભિનંદન એવોર્ડ

બીપીએના દાતાશ્રી સુનિલ પરીખને તારીખ ૧૦ નવેમ્બર ૨૦૨૩ ના રોજ કર્ણાવતી યુનિવર્સીટી દ્વારા આઉટસ્ટેન્ડીંગ ભાગીદારીમાં ઈનોવેશન લીડરશીપ અને ગ્લોબલ ઈમ્પેક્ટમાં ડીગ્રી ઓફ ડોક્ટરેટ ઓફ લીટરેચરમાં પી.એચ.ડીની પદવી પ્રદાન થઈ છે તે બદલ બીપીએ તરફથી હાર્દિક અભિનંદન.

## જેલ પ્રોજેક્ટ એવોર્ડ પ્રદાન

દ્રષ્ટિહીનો વધુ અભ્યાસ અર્થે (ઓડિયો) જે સાંભળીને ગ્રહણ કરી અભ્યાસ કરી શકે છે તે માટે ઓડિયો બુકનો એક પ્રોજેક્ટ બીપીએનાં ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી ભરતભાઈ જોષી અને ટેકનોલોજી હેડ શ્રી આર.પી.સોની દ્વારા સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે સેન્ટ્રલ જેલ તેમજ બીપીએના પ્રયાસથી ધ્વની પ્રોજેક્ટ અમલીકરણ કરવામાં આવ્યું હતું. આ ઉમદા કાર્ય બિરદાવવા ગુજરાતના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત ના વરદ્ હસ્તે બીપીએના એક્ઝીક્યુટીવ ડાયરેક્ટરશ્રી નંદીનીબેન રાવલને તારીખ ૧૦ નવેમ્બર ૨૦૨૩નાં રોજ એવોર્ડ આપવામાં આવ્યો હતો.





## મેરથોન

કોર્પોરેટ સેક્ટર અદાણી કંપની તેમજ હ્યુંદાય કંપનીના સહયોગથી મેરથોન દોડ, અમદાવાદ ખાતે સમરથ કાર્યક્રમ તળે તારીખ : ૨૬ નવેમ્બર ૨૦૨૩નાં રોજ આયોજીત કરવામાં આવી હતી. તેમાં સામાન્ય મેરથોન દોડવીરો સાથે દિવ્યાંગજનોને સામેલ કરી મેરથોનમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

## ભૂજ ટ્રકર્સ પ્રોજેક્ટ



"મિશન ફોર વિઝન" ડીપી વર્લ્ડના સહયોગથી ભૂજ ટ્રકર્સ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું તેમાં ડી.પી.વર્લ્ડના સી.ઈ.ઓ શ્રી અવિનાશ લેયર તેમજ કંપની એચ આર શ્રી મેઘા રઘુવંશી રહ્યાં હતા. આ સાથે શ્રી સિધ્રિતા કંદુ અને ગુરૂનાણી કોલઝારકર તેમજ સમગ્ર ડી.પીવર્લ્ડ ટીમ આ ભૂજ ટ્રકર્સ પ્રોજેક્ટ શુભારંભ સમયે ઉપસ્થિત રહ્યાં હતા.

## વિઝન ઈન ધી ડાર્ક

વિઝન ઈન ધી ડાર્ક મ્યુઝીયમ ઓથોરિટી સર્ટિફીકેટ તારીખ ૨૫, નવેમ્બર ૨૦૨૩ ના રોજ પ્રાપ્ત થયું છે.





## ટ્રાઈસિકલ વિતરણ

જરૂરિયાતમંદ દિવ્યાંગજન જેઓએ અન્યત્ર જગ્યાએ આવનાજાવનામાં અવરોધના થાય તે માટે ટ્રાઈસિકલની જરૂરિયાત હોય છે. અહીં મિફામેડ મેડીકલ પ્રાઈવેટ લિમીટેડ દ્વારા નવ ટ્રાઈસિકલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણ કાર્યક્રમ તારીખ : ૧, ડિસેમ્બર ૨૦૨૩ નાં રોજ બીપીએ કેમ્પસમાં કરવામાં આવ્યું હતું. આ સમયે હ્યુમન રિસોર્સ ઓફિસરશ્રી હેલીબેક સદન , ચીફ હ્યુમન રિસોર્સ ઓફીસર શ્રી સુદેસ ઝેનગડી જનરલ મેનેજર ઈન્ડિયા શ્રીમતિ મિતલ શુક્લા, એચ.આર મેનેજર ઈન્ડિયા અને શ્રી અંકિત પ્રજાપતિ જી.એસ-૧ એડમીન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા અને લાભાર્થીઓ સાથે વાતચીત કરી આશીર્વચન પાઠવ્યા હતા.



## સર્ટીફિકેટ એનાયત

“આઉટ સ્ટેન્ડીંગ એચીવમેન્ટ” માટે દિવ્યાંગજનોના ફિલ્ડમાં એડવોકેસી સાથે દિવ્યાંગજનોને રોજગાર આપવામાં સક્રિય રહ્યા તે બદલ બીપીએના સિનિયર મેનેજર શ્રી કિન્નરી દેસાઈને અદાણી ફાઉન્ડેશનના શ્રી જીત અદાણી અદાણી ગ્રૃપ દ્વારા તા. ૭ ડિસેમ્બર ૨૦૨૩ નાં રોજ તેમનાં વરદ્ હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

## સંમ્મિલિત એસેસેબિલીટી મિટીંગ

અદાણી કંપનીનાં ચેરમેનશ્રી ગૌતમ અદાણી સાથે બીપીએનાં એક્ઝીક્યુટીવ જનરલ સેક્રેટરીશ્રી ડૉ. ભૂષણ પુનાની તેમજ ગ્લોબલ હેડ ક્વાર્ટર્સનાં પેનાલીસ્ટ ની મિટીંગ તા. ૧૦ ડીસેમ્બર-૨૦૨૩ નાં રોજ સામાન્ય જન સાથે દિવ્યાંગજનો પણ એસેસીબિલીટીનો સરળતાથી ઉપયોગ કરી શકે તે મિટીંગનો ઉદ્દેશ રહ્યો હતો.





## લેપટોપ વિતરણ

કોલેજમાં અભ્યાસ કરતાં દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓ સામાન્ય વિદ્યાર્થી ની જેમ કોમ્પ્યુટરનો અભ્યાસ કરી શકે તે માટે “બ્લાઈન્ડ ફાઉન્ડેશન” દ્વારા ૧૪ લેપટોપ દ્રષ્ટિક્ષતિ વિદ્યાર્થીઓને બીપીએ કેમ્પસમાં તારીખ ૧૪ ડિસેમ્બર ૨૦૨૩ નાં રોજ આપવામાં આવ્યા હતા.



## સમસારા ગૃપ દ્વારા દિવ્યાંગ મહિલાઓને સિવણ મશીન

દિવ્યાંગ બહેનો સ્વમેળે સ્વરોજગાર પ્રાપ્ત કરી શકે તેમજ સામાજીક જીવનમાં આર્થિક રીતે સશક્તિકરણ દ્વારા જીવન નિર્વાહ ચલાવીને સ્વમાનભેર રહે તે માટે હંમેશા સમસારા ગૃપ અગ્રેસર રહ્યું છે. ૧૦૦૮ દિવ્યાંગ મહિલાઓને સિવણ તાલીમ પ્રાપ્ત કર્યા પછી સ્વરોજગાર માટે સિવણ મશીન આપવામાં આવે છે. અહીં લક્ષ્મીપુરા યુથમંડળ સેન્ટર દ્વારા તા. ૨૩ ડિસેમ્બર, ૨૦૨૩ નાં રોજ કાર્યક્રમના મુખ્ય મહેમાનશ્રી શૈલેષભાઈ પ્રજાપતિ, મામલતદારશ્રી તેમજ લક્ષ્મીપુરા યુવા મંડળ પ્રતિનિધિઓ, લાયન્સ ક્લબ ઓફ વસ્ત્રાપુર તેમજ બીપીએ અને સમસારા ગૃપનાં સીઈઓ શ્રી મુકેશ ઓઝા આ વર્ચ્યુઅલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં. તેમજ દિવ્યાંગ મહિલાઓને સ્વરોજગાર માટે પ્રોત્સાહિત કર્યા હતા.

## વોલન્ટિયર એવોર્ડ




બીપીએમાં ઘણા વર્ષોથી સ્વૈચ્છિક સેવા અર્પતા નિવૃત કર્મચારીશ્રી એર ઈન્ડિયાના "શ્રી એમ.એલ.ગુપ્તાને" તેઓની સ્વૈચ્છિક સેવાને બિરદાવવા માટે "નારાયણ સેવા સંસ્થાન" ઉદેપુર દ્વારા એવોર્ડ તારીખ ૨૬ ડિસેમ્બર ૨૦૨૩નાં રોજ આંતરરાષ્ટ્રીય સેવા એવોર્ડ સમારોહમાં પ્રાપ્ત થયો હતો.

## જન્મદિન ઉજવણી



બીપીએમાં દર અઠવાડિયે ભોજન શાળાનાં બાળકો માટે (સતનામ એગ્રો વેજીટેબલ્સ) દર અઠવાડિયે શાકભાજી આપે છે. તેઓના જન્મદિને રાહુલ જીતુભાઈ ચંદવાણી ચિલોડાએ તારીખ ૧૬, ઓક્ટોબર ૨૦૨૩નાં રોજ બીપીએનાં કેમ્પસમાં તેમના પુત્રની જન્મદિવસની આનંદમય ઉજવણી કરી હતી. બીપીએમાં દર અઠવાડિયે ભોજન શાળાનાં બાળકો માટે (સતનામ એગ્રો વેજીટેબલ્સ) દર અઠવાડિયે શાકભાજી આપે છે. તેઓના જન્મદિને રાહુલ જીતુભાઈ ચંદવાણી ચિલોડાએ તારીખ ૧૬, ઓક્ટોબર ૨૦૨૩નાં રોજ બીપીએનાં કેમ્પસમાં ઉજવણી કરી હતી.

## બેગ વિતરણ

દેવીબેગ શોપીંગ મોલ પ્રા. લિ દ્વારા શ્રી આશિષ શર્માએ તેમનાં જન્મદિવસની ઉજવણી બીપીએ કેમ્પસમાં તા. ૯ સપ્ટેમ્બર ૨૦૨૩ નાં રોજ કરી હતી અને સંસ્થાના બાળકોને બેગ આપી હતી.



## ટ્રાઈસિકલ દાન



અસ્થિવિષયક દિવ્યાંગજનોને આવન-જાવનમાં સુલભતા પ્રાપ્ત થાય તે ઉદ્દેશ્યથી દાતાશ્રી હર્ષદભાઈ શાહ દ્વારા ત્રણ ટ્રાઈસિકલ દિવ્યાંગજનોને તારીખ : ૧૧, સપ્ટેમ્બર ૨૦૨૩ નાં રોજ આપવામાં આવી હતી. આ સમયે આમંત્રિત મહેમાનશ્રી મહા મંડલેશ્વર સ્વામી શ્રી ગિરધર ગિરીરાજ મહારાજ ઉપસ્થિત રહ્યા હોય તેઓએ બીપીએમાં દિવ્યાંગજનોનાં કલ્યાણ અર્થે ચાલતી વિવિધ પ્રવૃતિઓ નિહાળી તેઓએ પણ રૂ. ૨૧૦૦૦/- સંસ્થાને આપી દિવ્યાંગજનોને આશીર્વચન પાઠવ્યા હતા.

## જન્મ દિવસ



ટીવી એન્કર શ્રીમતી દિવ્યા ઠક્કરએ તેમનો જન્મ દિવસ દિવ્યાંગ બાળકો સાથે તા.૨૦ ઓગસ્ટ ૨૦૨૩ નાં રોજ મનાવ્યો હતો.

## દિપાવલી પર્વ ઉજવણી




સરળતાથી અન્યત્ર જગ્યાએ દિવ્યાંગજનો હરીફરી શકે તે માટે સ્પાર્કલ અને રાઈઝ દ્વારા દિપાવલી પર્વ ઉજવણીમાં તા.૧૦ નવેમ્બર ૨૦૨૩ નાં રોજ ૫ ટ્રાઈસિકલ દાતાશ્રી દ્વારા
આપવામાં આવી હતી ત્યારે આ પ્રસંગે દાતાશ્રીના પરિવારજનો પણ ઉપસ્થિત રહી દિવ્યાંગજનોને આશીર્વચન પાઠવ્યા હતા.

## એમ.એસ.ડબલ્યુ વિદ્યાર્થી પ્લેસમેન્ટ

"માસ્ટર્સ ઓફ સોશ્યલ વર્ક" નાં ચાર વિદ્યાર્થીઓ શ્રી શાંતિનિકેતન સંસ્થા દ્વારા બીપીએ ખાતે એક માસ માટે પ્લેસમેન્ટ તાલીમ સફળતાથી નવેમ્બર ૨૦૨૩માં પૂર્ણ કરી હતી.



## શ્રદ્ધાંજલિ



"સેવ સાઈટ પ્રોજેકટ" યુ.કે થકી દાતાશ્રી ડૉ. રજની શાહ અને ડૉ . જયશ્રી શાહ "પોઝીટીવ સાઈટ" નાં સ્થઆપક રહ્યા હતા. તેઓ શ્રી ઘણા વર્ષોથી બીપીએ સાઈટ સાથે જોડાયેલા રહ્યાં હતાં. શ્રી ડૉ. રજની શાહનાં નિધનથી બીપીએને ન પૂરાય તેવી ખોટ પડી છે. શ્રી રજની શાહે ૧૯૯૭થી વયો વૃધ્ધ માટે મોતિયા ઓપરેશન માટે ફંડ અપાવવા "સેવ સાઈટ પ્રોજેક્ટ" અને દાન માટે હરહંમેશ અગ્રેસર રહ્યા હતાં.

સ્વ. શ્રી ડો. રજની શાહ નો જન્મ આસામમાં થયો તેઓનું ગ્રામ્યજીવનને યાદ કરતાં તેઓએ દિવ્યાંગ વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર આપી શિક્ષણમા આગળ વધે તે તેમના પ્રયાસો રહ્યાં હતાં. તેઓ ખૂબ દયાળુ સ્વભાવનાં હતા. ખરેખર તેઓના નિધનથી બીપીએ દુઃખની લાગણી વ્યક્ત કરે છે અને દિવ્યાંગજનોને મળતી સુવિધઓમાં હરહંમેશ તેમની યાદ રહેશે.

**બીપીએ ન્યૂઝલેટર, બ્લાઈન્ડ પીપલ્સ એસોસીએશન એ (અગાઉનું અંધજન મંડળ) ત્રિમાસિક ન્યૂઝલેટર છે. જો તમે કેટલાક લેખો આપવા માંગતા હો તો કૃપા કરીને અંધજન મંડળનાં એક્ઝીક્યુટીવ ડાયરેક્ટર શ્રીમતી નંદિનીબેન રાવલનો સંપર્ક કરો.**

**Phone**: (079) 26305082, 26304070, 26303513 **Fax**: (079) 26300106

**E-Mail**: gensecbpa@gmail.com, nandinibpa@gmail.com **Website**: www.bpaindia.org

**All donations exempted under Section 80G of the Income Tax Act, 1961**

મુદ્રક-પ્રકાશક : ડૉ. ભૂષણ પુનાની , સામાન્યમંત્રી, અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા પ્રકાશિત અને વિવિધ અંધજન તાલીમ કેન્દ્ર, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫ દ્વારા મુદ્રિત

સંપાદક : શ્રી બિપીન મહેતા, સહ-સંપાદક : શ્રી હસમુખ શ્રીમાળી

કમ્પ્યૂટર સેટિંગ : શ્રીમતી જી. ધિંગરા, શ્રીમતી જી. શહેરા ડિઝાઈન યુનિટ શ્રી અવધ ત્રિવેદી

પ્રિન્ટિંગ : શ્રી નારાયણભાઈ પ્રજાપતિ

## ONLINE SUPPORT - A Click away

Now you can donate to BPA online, just click on http://www.bpaindia.org/donation.php we have tied up with PayU Gateway for online donation. We accept donation through Credit / Debit Card Also.

You can Donate through G Pay Paytm

Give India : http://www.giveindia.org/m-31-blind-peoples-association-india.aspx

HDFC Online : https://www.billdesk.com/hdfc/BPA/hdfc_blind_people_association.htm

Voice of SAP : www.voiceofsap.org

Global Giving : http://www.globalgiving.org/projects/seeing-is-believing/

Razorpay bpaindia.org/donate-with-razorpay

Positive Sight : http://www.bpaindia.org/PS.htm

Pan India donation to BPA

Danamojo: http://www.bpaindia.org/danamojo.php

Milaap:https://milaap.org/fundraisers/support-education-and-rehablitation-services-to-children-with-disabilities